ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

*(NACC Accredited 'B')*
www.gujaratuniversity.org.in

Phone : 26301341 26300342-43,
26300126
FAX : (079) 26302623, 26306194
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/૭૧૩૩/૨૦૧૦ તારીખ: ૨૮/૧૦/૨૦૧૦

પરિપત્ર ન. ૧૩૩

પ્રતિ,

૧. યુનિવર્સીટી વિભાગ ના અધ્યક્ષશ્રીઓ

૨. યુનિવર્સીટી સલગ્ન કોલેજોના અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રીઓ

**વિષય : અનુસ્નાતક અભ્યાસક્રમ ના પ્રથમ સેમેસ્ટર પરીક્ષા ના આવેદનપત્રો મોકલી આપવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે, અનુસ્નાતક અભ્યાસક્રમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ થી સેમેસ્ટર પદ્ધતિ અમલમાં આવેલ છે પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓની આગામી યુનિવર્સીટી પરીક્ષા ના આવેદન પત્રો યુનિવર્સીટી કાર્યાલય માં તા. ૨૦.૧૧.૨૦૧૦ સુધી માં ભરીને જમા કરાવવા જણાવવામાં આવે છે. પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ફી રૂ. ૫૦૦/- નિયત કરવામાં આવેલ છે. આવેદન પત્રો ભરીને મોકલતા અગાઉ નીચેની સૂચનાઓ ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

૧. પ્રથમ સેમેસ્ટરના આવેદન પત્રની કીમત રૂ. ૨૫/- રાખવા માં આવેલ છે જે યુનિવર્સીટી કાઉન્ટર પર રોકડેથી મેળવી શકશે.
૨. પરીક્ષા આવેદન પત્ર સાથે સ્નાતક કક્ષાની છેલ્લા વર્ષનું ગુણપત્રક બીડવાનું રહેશે.
૩. પરીક્ષા આવેદન પત્ર સાથે વિષયવાર તમામ આવેદન પત્રો ની યાદી (પત્રક) બે નકલમાં તૈયાર કરી જમા કરવાની રહેશે.
૪. યાદીમી કુલ વિદ્યાર્થીઓ જે સંખ્યામાં થતા હોય,તે સંખ્યા પ્રમાણે તેઓની પરીક્ષા ફી ડીમાંડ ડ્રાફ્ટ/પે ઓર્ડર કે રોકડેથી હિસાબ શાખામાં જમા કરાવી, તેની રસીદની એક નકલ સાથે, પત્રક અને કોલેજોના પત્ર સાથે રૂમ ન. ૧૪ માં જમા કરવાનું રહેશે.
૫. યુનિવર્સીટી ની મંજૂરી વગર પરીક્ષાના દિવસે ડમી નંબર આપી વિદ્યાર્થીઓને બેસાડવાના આવશે તો તે ઘણી મોટી અને ગંભીર બાબત ગણાશે.. કોઈ પણ સંજોગોમાં આવા કિસ્સા ના બને તે માટે તેમની ફી અને આવેદન પત્ર અચૂક ભરાઈ જવું જોઈએ. નહીતર આવા વિદ્યાર્થીઓની પરીક્ષા મંજુર થશે નહિ અને તેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.
૬. ઓન-લાઈન આવેદન પત્રો ભરવા માટે ડાયરેક્ટરશ્રી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર નો સંપર્ક કરવા વિનંતી છે.

જીતેન્દ્ર લીલાણી
પરીક્ષા નિયામક